**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૩૦/૧/૨૦૧૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૧૦૬ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૦૩/૧૫**

**સોલા હાઈકોર્ટઃ** જીગર જયંતીભાઈ પ્રજાપતિ (રહે. કુમુદનગર સેક્ટર-૫ ચાણક્યપુરી ઘાટલોડીયા) એ તા.૨૯/૧/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧/૧૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ચાંદલોડીયાથી આંબલી રેલવે સ્ટેશન તરફ માઇલ સ્ટોનની વચ્ચે રલવે પાટાથી સોલા તરફનાં એપ્રોચ રોડ તરફ આરોપી (૧) સંજય રમણજી ઠાકોર (૨) ચેતન કાળાજી ઠાકોર (૩) ભીખુભા મેતુભા ઝાલા અને (૪) નિહાલ ચંદુભાઇ પરમાર (તમામ રહે.સોલા ગામ) એ ભેગામળી જીગરભાઇનાં મોટાભાઇ મુકેશભાઇનાં પ્રેમ પ્રકરણ બાબતે ઝઘડો કરી ગડદાપાટુનો માર મારી તીક્ષ્ણ હથીયાર વડે શરીરે ગંભીર ઇજાઓ કરી મુકેશભાઇનું મોત નિપજાવ્યુ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.વી.ગોહીલ ચલાવે છે.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૨૦૪/૧૫**

**બાપુનગરઃ** : ભીખાભાઈ વાલજીભાઈ સુતરીયા (રહે.શુભલક્ષ્મીની બાજુમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) એ તા.૨૯/૧/૧૫ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના પૌત્ર બ્રિજેશ (ઉ.વ.૧૬) ને તા.૨૬/૧/૧૫ કલાક ૯/૦૦ થી ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે બાપુનગર ખોડીયાર મંદિર પાસેથી અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી ડી પરમાર ચલાવે છે.

**<u>છેતરપીંડી અને વિશ્વાસઘાત :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૫/૧૫</u>**

**શહેરકોટડા :-** ચિરાગકુમાર મહેન્દ્રભાઇ ઝવેરી (રહે.યોગેશ્વરનગર સોસાયટી, અંજલી ચાર રસ્તા પાસે, વાસણા) એ તા.૨૯/૧/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૧/૧૫ સાંજનાં ૫/૦૦ વાગ્યાના સુમારે આરોપી (૧) લક્ષ્મણ (૨) શંકર (૩) નારાયણ (જેઓનાં પુરા નામ-સરનામાની ખબર નથી) ભેગામળી ચિરાગકુમાર ને સરસપુર નિર્મળપુરા ચાર રસ્તા પાસે બોલાવી પોતાની પાસેની એક કપડાની પોટલીમાં મુકેલ હિરા બતાવી ચિરાગકુમારને વિશ્વાસમાં લઇ તેમની પાસેથી રોકડ રૂપિયા ૬,૦૦,૦૦૦/- મેળવી લઇ, તમામ આરોપીઓ રીક્ષામાં બેસી પલાયન થઇ ગયા હતા. જે હીરાની પોટલી ચેક કરતાં ખોટા હીરા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.ડીંડોર ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૬/૧૫</u>**

**દાણીલીમડા :** જહાંગીર લુકમાનભાઇ શેખ (રહે.લક્ષ્મીનીવાસ, છોટાલાલની ચાલી, ચેપી રોગ હોસ્પીટલની સામે, બહેરામપુરા) એ તા.૨૫/૧/૧૫ નાં કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે સંતોષનગર ગરીબ આવાસ યોજના ક્વૉટર્સ સામે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે ૨૭ ટી.૪૮૮૫ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ત્રણ કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ જહાંગીર શેખે તા.૨૯/૧/૧૫ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.પરમાર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :** **સમાચાર યાદી નં.૨૦૭/૧૫**

**શાહીબાગ :** પિયુષભાઇ લાલજીભાઇ જાદવ (ઉ.વ.૨૮)(રહેઃ ગાંધીનગર સોસાયટી, ગોર્ધનપાર્કની બાજુમાં જુનાવાડજ) તા.૨૯/૧/૧૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ગિરધરનગર સોસાયટી આગળ આવેલ રોનક ટેલર નામની દુકાન નજીક પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૦૧.ડી.ટી.૩૭૨૬ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેદરકારી અને પુરઝડપે ચલાવી પિયુષભાઇની ઓટોરીક્ષાને ટક્કર મારતાં શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ, જ્યાં સારવાર દરમ્યાન સાંજનાં ૪/૧૫ વાગે પિયુષભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર પિયુષભાઇનાં ભાઇ ઉમેશભાઇ જાદવે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વજેસિહ બાબુસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.